અપીલ અરજી નં.૪૦૩ તા.૨૦–૩–૦૯

અરજદારઃ શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજી,
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજીભાઈની તા.૧૭–૨–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકાએ રીઝર્વે જમીન મેળવેલ છે (૧)અલથાણગામ (૨)સિંગણપોર ગામ (૩)જહાંગીરાબાદ (૪)ભેંસાણ તેની વિગતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૦–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૦૩ /૨૦૦૮–૦૯

શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજીભાઈની તા.૧૭–૨–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકાએ રીઝર્વે જમીન મેળવેલ છે (૧)અલથાણગામ (૨)સિંગણપોર ગામ (૩)જહાંગીરાબાદ (૪)ભેંસાણ તેની વિગતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.ટીપીડી/૭૯૫૩ તા.૬–૩–૦૯થી આપેલ માહિતી માંગ્યા મુજબ આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૮૦ તા.૨૫–૩–૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસધાને તેઓ તરફથી નં.ટીપીડી/આ.નં.૬૮ તા.૪–૪–૦૯ થી જહાંગીરાબાદ, ભેંસાણ, સીંગણપોર ગામોની માહિતી તથા નં.ટીપીડી/આ.નં.૧૧૨ તા.૮–૪–૦૯ થી અલથાણ, બ્લોક નં.૧૮૪,૧૮૬ અને ૧૮૭ ની અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદારની તા.૧૭–૨–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ વાટાઘાટથી કે કલમ–૭૮ મુજબ કે કલમ–૭૭ મુજબ તે જણાવશો? મુદ્દા નં.૨ સુરત મહાનગરપાલિકાએ અલથાણ બ્લોક નં.૧૮૪,૧૮૬ અને ૧૮૭, જહાંગીરાબાદ બ્લોક નં.૨૪૮ ભેંસાણ રે.સ. નં.૬૭/૨, ૬૭/૩ ,૬૭/૪ ,૬૫ ,૬૪, ૬૩/૧, ૬૩/૨, ૬૩/૩ ,૫૬, ૫૫, ૫૯, ૪૫/૧, ૪૫/૨, સીંગપોર રે.સ. નં.૪૧,૪૪ ૭૫ મેળવેલ જમીન મુદ્દા નં.૩ વાટાઘાટથી મેળવેલ હોય તો વાટાઘાટ માટે કેટલીવાર બોલાવેલ, કયા અધિકારીએ બોલાવેલ, વાટાઘાટમાં આપેલ પુરાવા તેમજ માંગેલ માહિતી કઈ કેટલું પેમેન્ટ કરેલ , કેટલા ચેક આપેલ ,કોના નામથી કઈ બેંકના ચેક આપેલ છે કઈ તારીખના ચેક છે કે રોકડા આપેલ છે, મુદ્દા નં.૪ કલમ–૭૮ મુજબ દરખાસ્ત મોકલેલ સરકારશ્રીને કયારે મંજુરી આપેલ કયા અધિકારીની નિમણુંક કરેલ, કેટલું પેમેન્ટ કરેલ, કોના નામે અને કેટલી તારીખે મુદ્દા નં.૫ માં કયા બ્લોક નંબરનું પેમેન્ટ બાકી છે ? વિગેરે મુદ્દાઓની માહિતી માંગવામાં આવેલ. જેમાં નં.ટીપીડી/૭૯૫૪ તા.૬–૩–૦૯ થી અલથાણ બ્લોક નં.૧૮૪,૧૮૬ અને ૧૮૭ વાળી બીપીએમસી એકટની કલમ–૭૮ હેઠળ સંપાદિત થયેલ જગ્યામાં કોને કેટલું પેમેન્ટ કરવામાં આવે છે જે અંગે ખાસ જમીન સંપાદન અધિકારી શાખા નં.૪ ભગવાન ચેમ્બર્સ મુગલીસરા અને જાહેર માહિતી અધિકારીને અરજદારની જાણ હેઠળ તબદીલની સમય મર્યાદા બાદ તબદીલ કરેલ છે. તથા નં.ટીપીડી/૭૯૫૩ તા.૬–૩–૦૯ થી સદર વિગતની અંશતઃ માહિતી અરજદારને પૂરી પડાયેલ છે. બાકીની માહિતી નં.ટીપીડી/આ.નં.૮૧૨૩ તા.૧૬–૩–૦૯ થી અરજદારને જહાંગીરાબાદ બ્લોક નં.૪૮ મુદ્દા નં.૧ ના પેટા નં.૧ થી ૩ ની માહિતી કલમ–૭૭,૭૮ ની જમીન વાટાઘાટની માહિતી તથા માલિકોના નામ તથા ચૂકવેલ વળતર ચેક નં બર તારીખ અને બેંક સહિત પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૨ થી મોજે ભેંસાણ તથા મુદ્દા નં.૩ થી સીંગણપોરની માહિતી અરજદારને પૂરી પડાયેલ છે. અરજદારે ડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નં.ટીપીડી/૭૮૫૩ અને ૭૯૫૪ માં અમોને માંગેલી માહિતી આપેલ નથી તેવી રજુઆત કરેલ છે. જે અંગે અરજદારને તેમની માહિતી અંગે તબદીલ પત્ર પાઠવવામાં આવેલ છે તથા અંશતઃ જવાબમાં દરખાસ્ત જમીન સંપાદન અધિકારીશ્રી શાખા નં.૪ ભગવાન ચેમ્બર્સને કાર્યવાહી અર્થે નિમણુંક કરેલ છે તેવું જણાવેલ છે. તેથી તેમની અપીલમાંની રજુઆત ત્રણેય પત્રોથી અરજદારને જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી ધ્યાને લેતાં ગ્રાહય રાખવા પાત્ર ઠરતી નથી. અરજદારે અપીલ તબકકે મહાનગરપાલિકાએ રીઝર્વ જમીન મેળવેલ છે તેની યાદીની માંગણી મુળ અરજીથી અલાયદી કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૭–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકીની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સમય મર્યાદામાં અરજદારને પૂરી પડાયેલ હોઈ તથા અલથાણ બ્લોક નં.૧૮૪ ૧૮૬ અને ૧૮૭ ની માહિતી અંશતઃ પૂરી પાડી અને અંશતઃ તબદીલ કરેલ હોઈ અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેથી અપીલ સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે. અરજદારે અપીલમાં મહાનગરપાલિકાના રીઝર્વ જમીન મેળવેલ છે તેવાની યાદી અંગે અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પ્રશ્ન અંગે લાગત જાહેર સત્તા મંડળને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૪ –૦૯.

*ડે.કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

પ્રતિ,
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ,.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રીપરમાર પુરૂષોત્તમ નાગજી,